# ચાલો ઈડર ગઢને બચાવીએ !

ગુજરાતના ઈશાન ખૂણામાં આવેલા ઈડર નગરના ગઢને લઈને છેલ્લા પાંચેક વર્ષથી નાના-મોટા લોક આંદોલનો થયા અને થઈ રહ્યા છે. ઈડર ગઢ સાથે આમ જોવા જઈએ તો એક ઐતિહાસિક સ્થળ, પ્રવાસન સ્થળ તથા જૈન ધર્મનું સુંદર તથા વિશાળ પ્રાચીન મંદિર પણ જોડાયેલું છે. એ સમયના રાજાનો કિલ્લો, રાણીનું તળાવ વગેરે પ્રાચીનતમ વારસાના નમૂના સાથે અડીખમ ઉભા છે. વર્ષોથી ઈડરગઢની વાતો વિજય-જીતની સાથે જોડાયેલી છે, લોકો વાતવાતમાં કહેતા સાંભળવા મળે છે કે, અમો 'ઈડરીયો ગઢ જીત્યા રે લોલ' ઈડરની તળેટીથી લગભગ ૭૦૦ પગથિયાં ચઢીને ગઢની સપાટ ભૂમિ પર પહોંચી શકાય છે. ઈડરની મુલાકાતે આવતા વિવિધ પ્રવાસીઓ માટે ઈડરગઢનું આકર્ષણ વિશિષ્ટ રહે છે. ઈડરગઢ પરની નયનરમ્ય પ્રકૃતિ, વર્ષાઋતુની ચાદર બધું ભેગું થઈને એક પ્રાચીનત્તમ વારસાની દિવાદાંડી બની જાય છે.



આવા ઐતિહાસિક વારસાને જીવંત રાખવાને બદલે ગુજરતા સરકારના ખનીજ ખાતા દ્વારા અપાયેલ લીઝના લીધે ગઢના તોતિંગ પથ્થરોને તોડવાનું કામ ચાલી રહ્યું છે, જેનો વિરોધ કરવા ઈડર નગરના નગરજનોએ એક 'ગઢ બચાવો સમિતિ' બનાવી પ્રયત્નો કરી રહ્યા છે. આપણે એક બાજુ આપણા વડાપ્રધાન મોદી સાહેબના માદરે વતન વડનગરની વિવિધ ઐતિહાસિક જગ્યાઓને લાખો રુપિયાના ખર્ચે શણગારી સાચી વિરાસતને જાળવી રાખવાનો ઉમદા પ્રયત્ન કરીએ છીએ. કયાંક અડાલજની વાવ, પાટણની રાણકી વાવ, અમદાવાદની સીદી સૈયદની જાળી, તો કયાંક પાવાગઢની તળેટીમાં આવેલ ચાંપાનેર ગઢ વગેરેનો વારસો જાળવી શક્યા છીએ. યુનેસ્કો તરફથી અમદાવાદ શહેરને 'હેરિટેજ' સીટી તરીકે જાહેર કરવામાં આવી છે, તેવા સમયે ઈડરગઢને બચાવવાની જગ્યાએ તોડવાનું કામ શરૂ કર્યું છે, આ કામ સરકારમાં હકારાત્મક રસ્તાઓ દ્વારા બંધ કરાવી શકે એટલી શક્તિ અને સામર્થ્ય તો છે જ; માત્ર પોતાની સંકલ્પ શક્તિનો પરચો બતાવવાનો છે, ગુજરાત સમગ્ર દેશમાં વિવિધ ક્ષેત્રોએ રોલ મોડલનો હિસ્સો બને છે, વળી, જયાં પાંચ જ મિનિટમાં આખેઆખી સરકારને બદલીને નવી સરકાર બની શકે છે ત્યાં ઈડરગઢના લીઝ ધારકોને વૈકલ્પિક રસ્તો બતાવીને વર્ષો પુરાણા ગઢને બચાવી શકાય એમ છે. ઈડરગઢને વડનગરની જેમ હેરિટેજ તરીકે વિકસાવી પ્રવાસન ઉદ્યોગને પ્રાણવાયુ પૂરો પાડી શકાય તેવી પૂરી શક્યતા છે.

ખેર ! છેલ્લે ગુજરાત સરકાર પાસે ઈડરની જનતા એટલી અપેક્ષા રાખે છે કે; 'અમારી વિરાસતને તોડો નહિ પણ જોડો !' ખાનગી લીઝ ધારકોને બીજો અવેજ માર્ગ સૂચવી; ઈડરગઢને તૂટતો બચાવી લો, નહિંતર ઈડરની પ્રજા કયારેય માફ કરશે નહી, તેને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવું ના પડે તેની જવાબદારી ગુજરાત સરકારના માથે રહેશે !

- પ્રા. હસમુખ દેસાઈ

# ગાંભોઈ પી.એસ.આઈ.ની બદલી થતા વિદાય સન્માન સમારંભ યોજાયો



ગાંભોઈ, તા.૦૯

હિંમતનગર તાલુકાના ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં પી.એસ.આઈ. પી.પી.જાની ની ખેડબ્રહ્મા ખાતે બદલી થતાં સ્થાનિક ગ્રામ્ય વિસ્તારની જનતા દ્વારા તેમનો વિદાય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંભોઈ વેપારી એસોસિએશનના પ્રમુખશ્રી ભગવાનદાસ ચૌધરી, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, યુવા અગ્રણી સતિષભાઈ પ્રજાપતિ તેમજ ગ્રામ્ય વિસ્તારના સરપંચો, રાજકીય આગેવાનો, પોલીસ સ્ટાફ વગેરે હાજર રહી પી.એસ.આઈ. જાનીની પોલીસ કામગીરીને બિરદાવી મોમેન્ટો અને શાલ ઓઢાડી તેમની સેવાઓને બિરદાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિક્રમસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



ચેતનભાઈ કે.પટેલ
સહજાનંદ બિલ્ડર્સ
બાયડ(રડોદરા)



પૌરિક ચૌધરી
બાયડ જી. અરવલ્લી



ઉમંગભાઈ અરવિંદભાઈ
બ્રહ્મભટ્ટ
શ્રીજી કમ્પ્યુટર, બાયડ
બાયડ જી.અરવલ્લી

### અરવલ્લી પોલીસ હાઈટેક બની

# એસ.પી. સંજય ખરાતે હાઈટેક ઈન્ટરસેપ્ટર વાહનનું પ્રસ્થાન કરાવ્યું : ટ્રાફિક અને આપત્તિમાં ત્વરીત કામગીરી થશે






મોડાસા, તા. ૯

ગૃહ વિભાગ દ્વારા ગુજરાત માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ગુજરાત પોલીસને ઓવર સ્પીડને કારણે બનતા અકસ્માતોને અટકાવવા માટેના ઈન્ટરસેપ્ટર ૪૮ વાહનો અને મુખ્ય ધોરીમાર્ગો ઉપર પેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ તથા રેસ્કયુ વ્હીકલ એવા ૪૨ હાઈવે પેટ્રોલ વાહન આપવામાં આવ્યા છે. અરવલ્લી જીલ્લાને હાઈટેક ઈન્ટરસેપ્ટર વાહનની ફાળવણી થતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે લીલી ઝંડી આપી હાઈટેક ઈન્ટરસેપ્ટર પ્રસ્થાન કરાવ્યું હતું આ વાનમાં આ વાનમાં અતિ આધુનિક લેસરસ્પીડ ગન, પીટીઝેડ કેમેરા, પબ્લીક એડ્રેસ સિસ્ટમ, મોબાઈલ નેટવર્ક વિડિયો રેકાર્ડર, અગ્નિ શામક અને ફર્સ્ટ એઈડ બોક્ષ વગેરે લગાડવામાં આવ્યા છે જે જીલ્લાના માર્ગો પર ટ્રાફિકજામ અને આપત્તિના સમયમાં મદદરૂપ બનશે. હાઈટેક ઈન્ટરસેપ્ટર વાહનોનું પ્રસ્થાન કરાવતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતના જણાવ્યા અનુસાર,ઓવર સ્પીડના કારણે બનતા અકસ્માતોને અટકાવવા સારુ અતિ આધુનિક સાધનોથી સજ્જ રડાર સ્પીડ ગન સાથે પોલીસના ઉપયોગ સારું ઈન્ટરસેપ્ટર વાન તૈયાર કરવામાં આવી છે. તેમજ વાહન અકસ્માતમાં ઘણા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત હાલતમાં વાહનમાં ફસાઈ જાય છે. તેમને બહાર કાઢવા માટે વાહનના દરવાજા તોડી કે કાપી નાખી ઈજાગ્રસ્તને બહાર કાઢવા અને કુદરતી આફતોના સમયે નાગરિકોને ઉપયોગી બની રહે તેવું વાહન પણ આપવામાં આવ્યું છે. હાઈવે પેટ્રોલ વાહન શહેર અને જિલ્લામાં આવેલા મુખ્ય ધોરીમાર્ગો ઉપર પ્રેટ્રોલિંગ કરી અકસ્માત સમયે ફર્સ્ટ રીસ્પોન્સ વ્હીકલ તથા રેસ્કયુ વ્હીકલ તરીકે કામ કરશે. આ વાહન થકી વાહન અકસ્માતમાં ઈજાગ્રસ્તને વ્યક્તિને બહાર કાઢવા અને હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી કરશે.હાઈવે પેટ્રોલ વાહનમાં હાઈડ્રોલીક રેસ્કયુ કીટ, સ્ટ્રેચર, પોર્ટેબલ ઈમરજન્સી લાઈટની બેગ, ઈલેકટ્રીક મોટર સાથે સ્ટીલ રસ્સી, હાઈડ્રોલિક જેક, વુડ કટર, માઈક અને સાયરન સાથે રૂફ લાઈટબાર અને પીએ સિસ્ટમ, પીટીઝેટ કેમેરા ડે- નાઈટ, અગ્નિશામક, રિચાર્જેબલ ટોર્ચ, ફર્સ્ટ એઈડ બોક્ષ, એલીડી મોનિટર, મોબાઈલ નેટવર્ક વિડિયો રેકોર્ડર અને રીઅર કેમેરા જેવી સુવિધાથી સજ્જ બનાવવામાં આવી છે.



અરવલ્લી જીલ્લા ખાતે ટ્રાફિક નિયમન અર્થે ઈન્ટર સેપ્ટર વાન તથા હાઈવે પેટ્રોલ વાહનને પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત નાઓ દ્વારા ફલેગ ઓફ કરવામાં આવ્યુ. ઈન્ટર સેપ્ટર કાર દ્વારા ઓવર સ્પિડે આવનાર વાહન ઉપર કાર્યવાહી કરવામાં આવશે તથા હાઈવે પટ્રોલીંગ કાર દ્વારા આપત્તિના સમયે હાઈવે ઉપર ત્વરીત કાર્યવાહી કરવામાં આવશે.

# ડીસામાં યુવકે પ્રેમલગ્ન કરતાં યુવતીના પરિવારજનોએ ફોઈના દીકરાનું અપહરણ કર્યું

**રિલાયન્સ પંપ નજીકથી છ શખ્સો સ્વીફ્ટ કારમાં ઉઠાવીને લઈ ગયા : ડીસા ઉત્તર પોલીસ મથકે છ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઇ**

ડીસા, તા. ૯

ડીસામાં યુવકે પ્રેમ લગ્ન કરતા યુવતીના પરિવારજનોએ ફોઈના છોકરાનું અપહરણ કરીને લઈ જતા ચકચાર મચી જવા પામી છે. ડીસા ઉત્તર પોલીસ મથકે આ અંગે છ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે. આ અંગેની વિગત એવી છે કે ડીસાના રાણપુર રોડ પિંક સીટીની બાજુમાં આવેલ સ્ટ્રોબેરી સોસાયટીમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતાં જગદીશ કુમાર કાંતિલાલ ઠક્કરનો દીકરો ઋત્વિક (ઉં. વ. ૧૯ ) સોમવારે રાત્રે આઠેક વાગ્યે પોતાના ઘરે હતો. તે દરમિયાન તેનો મિત્ર યસ ઉર્ફે બીટ્ટુ જુપીટર લઈને આવ્યો હતો અને બજારમાં આંટો મારવા બંને જણા નીકળ્યા હતા. આ દરમિયાન તેઓ રીલાયન્સ પમ્પ પર પેટ્રોલ પુરાવા જતા હતા. તે વખતે ઉમંગ સુભાષભાઈ ઠક્કર, વાસુભાઈ રામલાલ ઠક્કર (રહે. કોટડા ધુણસોલ, તાલુકો. લાખણી) તેમજ બીજા ચારેક ઈસમો રસ્તામાં સ્વીફટ ગાડી લઈને ઊભા હતા અને તેઓએ બંને જણાને ઊભા રહેવા જણાવેલ પરંતુ તેઓએ પેટ્રોલ પુરાવીને આવીએ તેમ કહી નીકળી ગયા હતા.આ દરમિયાન ઋત્વિકે તેના પિતાને ફોન કરીને જણાવેલ કે રિલાયન્સ પંપ આગળ ઉમંગ ઠક્કર સહિત બીજા લોકોએ ઉભા રહીને અમને બૂમો પાડી હતી પરંતુ અમે નીકળી ગયા જેથી હું ફોન કરું તો તમે તરત આવી જજો તેમ જણાવ્યું હતું. ત્યારબાદ બંને મિત્રો પેટ્રોલ પુરાવીને પરત આવતા ઉમંગ ઠક્કર, વાસુભાઈ ઠક્કર તથા બીજા ચારેય શખ્સોએ જુપીટર ઉભુ રાખી ઋત્વિકને બળજબરીપૂર્વક ખેંચી સ્વિફ્ટ ગાડીમાં નાંખી અપહરણ કરીને લઈ ગયા હતા. જે બાબતે ઋત્વિકના મિત્રએ તુરંત તેના પિતાને જાણ કરતાં તેઓએ પોલીસને જાણ કરી હતી.

ઋત્વિકના પિતા જગદીશભાઈએ નોંધાવેલી ફરિયાદમા અપહરણ કરવાનું કારણ જણાવ્યા મુજબ જગદીશભાઈના સાળાના દિકરા પ્રતીક પ્રકાશભાઈ ઠક્કર (રહે, દલવાડા તાલુકો.પાલનપુર) ને સુભાષ ઠક્કરની બહેન હિના સાથે પ્રેમ સંબંધ હતા અને જે બાબતે સુભાષ ઠક્કરના પરિવારે પોલીસ ફરિયાદ કરેલી હતી. જેનો દિયોદર કોર્ટમાં કેસ પણ ચાલતો હતો. જોકે આ દરમિયાન હિનાએ પ્રતીક સાથે અઢી મહિના અગાઉ લગ્ન કરી લીધા હતા. જે બાબત ઉમંગ સુભાષભાઈ ઠક્કરના પરિવારને પસંદ ન હતી.જેથી તેઓ વારંવાર જગદીશભાઈને પ્રતીકનું અથવા તેમના દીકરાનું અપહરણ કરવાની ધમકીઓ આપતા હતા.જેમાં ઋત્વિકનું અપહરણ કર્યું છે. ડીસા ઉત્તર પોલીસે આ બાબતે ઉમંગ સુભાષભાઈ ઠક્કર, વાસુભાઈ રામલાલ ઠક્કર તેમજ બીજા ચાર શખ્સો સામે અપહરણનો ગુનો નોંધી ઋત્વિકની શોધખોળ કરવા તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં લાભ પાંચમ પર્વની ઉજવણી







અમદાવાદ, તા. ૯

હિંદુ કેલેન્ડર અનુસાર કારતક મહિનાના શુક્લ પક્ષના પાંચમા દિવસે લાભ પાંચમ મનાવવામાં આવે છે. આ દિવસને લેખની પાંચમ, જ્ઞાન પંચમી, શ્રી પંચમી, સૌભાગ્ય પંચમી અને લાભ પાંચમ જેવા ઘણા અન્ય નામોથી પણ ઓળખવામાં આવે છે. લાભ પાંચમ વિક્રમ સંવતના કારતક માસના પાંચમા દિવસે એટલે કે કારતક સુદ ૫ ના દિવસે મનાવવામા આવે છે. આજના દિવસની એક એક ક્ષણ બહુ મહત્વની છે. ધંધા કે દુકાનોના મૂહુર્ત કરવાનો દિવસ છે. અને આખું વર્ષ સારું જાય અને લાભ થાય એવી આશા રાખીએ છીએ.

લાભ પાંચમે કરેલું કાર્ય આપણને લાભ જ આપે છે. પણ શેનો લાભ? લાભ એટલે રૂપિયા, ધન દોલત જ નહીં પણ સારું કાર્ય કર્યાનો લાભ. સૌભાગ્યનો મતલબ હોય છે સારું ભાગ્ય અને લાભનો મતલબ છે સારો ફાયદો. તેથી આ દિવસને ભાગ્ય અને સારા લાભનો દિવસ માનવામાં આવે છે. આ દિવસે પૂજા કરવાથી જીવન વ્યવસાય અને પરિવારમાં લાભ, સારું ભાગ્ય અને ઉન્નતિ આવે છે. ગુજરાતમાં નૂતન વર્ષ પછી લાભપાંચમ એ કામકાજનો પહેલો દિવસ હોય છે. આમ તો લાભ પાંચમનો આખો દિવસ જ શ્રેષ્ઠ હોય છે. એ દિવસે મૂહુર્ત જોવાની જરૂર નથી હોતી. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં તથા સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં જ્ઞાન પાંચમ - લાભ પાંચમની આનંદભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી મહારાજે દિવ્ય આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, લૌકિક વ્યવહાર માટે પ્લાન કરીએ છીએ તેમજ આધ્યાત્મિક ઉન્નતિ માટે પ્લાન કરવો જોઈએ તથા અવરભાવમાં પરભાવ કરવાનો છે. જગતસંબંધી મનની આસક્તિને ભગવાનસંબંધી જોડવાનું છે. નવા વર્ષનાં શુભ દિવસે સારાં વિચાર સાથે ભગવાનને પ્રાર્થના કરતાં સારું જીવન જીવીએ તથા કામ, ક્રોધ, લોભ, મોહ, માયાને તિલાંજલિ આપી ભગવત્પરાયણ જીવન જીવીએ. દેશ પરદેશના હરિભક્તોએ આ અવસરનો લાભ તથા ઓનલાઈન દર્શનનો લ્હાવો લીધો હતો.





## ડીસા સિવિલમાં દાખલ દર્દીઓને ફળ અને બિસ્કિટનું વિતરણ

દિવાળીના તહેવારોમાં ચોમેર ખુશાલીભર્યો માહોલ છવાયો છે ત્યારે ડીસા શહેર લોધા સકળ પંચ દ્વારા સિવિલ હોસ્પિટલમા દાખલ બિમાર દર્દીઓને દિવાળીના તહેવાર નિમિતે સફરજન અને બિસ્કિટનુ વિતરણ કરવામા આવ્યુ હતુ.આ સેવાકીય કાર્યમાં સમાજના લોકો મોટી સંખ્યામા હાજર રહયા હતા.અને દર્દીઓ જલદી સાજા થાય એવી પ્રાર્થના પણ કરી હતી.તેમના માનવીય અભિગમને ઉપસ્થિત હર કોઈએ વધાવી લીધો હતો.

### પી.એસ.આઈ.ના ઈશારે ઉઘરાણું !!

# આંબલિયારા પોલીસનું ઘેટા-બકરાંની જેમ મુસાફરો ભરીને દોડતાં શટલીયાં પાસેથી ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ



બાયડ, (બ્યુરો ઓફિસ) તા. ૯

આંબલિયારા પોલીસની ટ્રાફિક સ્ટાફ દ્વારા એ.સી.બી.ના ડર વગર ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરીને દોડતા વાહનો પાસેથી ઉઘરાણું કરતા હોવાની ફરિયાદ સામે આવી છે. પી.એસ.આઈ.ના ઈશારે વાકબારસથી બેસતા વર્ષ સુધી

**રેન્જ કક્ષાએથી તપાસ થાય તો ભ્રષ્ટાચાર બહાર આવે**

અનેક વાહના ચાલકોને ભ્રષ્ટ પોલીસકર્મીઓએ હેરાનગતિ કરી પૈસા ખંખેર્યાના લોક આક્ષેપ થઈ રહ્યા છે.

જિલ્લામાં બાયડ-દહેગામ રોડ ઉપર ઓવરલોડ વાહનો, ગેરકાયદે ખનીજ ભરી દોડતાં વાહનો, લીલા લાકડા ભરી દોડતાં વાહનો અને ઘેટાંબકરાંની જેમ મુસાફરો ભરીને દોડતાં વાહનોને આંબલિયારા પોલીસ સ્ટેશનની ટ્રાફીક તથા અન્ય સ્ટાફનો સાચવવા પડે. ન સાચવે તો વાહન કલાકો સુધી થોભાવી હેરાનગતિ કરવામાં આવે છે. પરંતુ દિવાળીના પર્વ દરમિયાન આંબલિયારા પોલીસ દ્વારા ધોડે દાડે વાહનો રસ્તામાં આંતરી ખિસ્સા ભરવાનો ખેલ શરૂ કર્યો હતો. પોલીસ દ્વારા કેટલાં વાહનો તા. ૧ થી ૭ નવેમ્બર દ્વારા ડીટેઈન કરાયા - ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરીને દોડતાં વાહનો પાસેથી કેટલો દંડ વસૂલ્યો તેની વિગત મેળવવામાં આવે તો આંબલિયારા પોલીસે પ્રજાની સુરક્ષા કરતાં પોતાના ખિસ્સા ભરવામાં કેટલી કાળજી રાખી તેની સનસનાટી ભરી વિગતો પ્રકાશમાં આવી શકે છે.